ગાંધીનગર સમાચાર

તા. ૫-૧-૨૦૧૫, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### ચોરી ઉપર સીનાજોરી

એક તરફ 'પોરબંદર પ્લાન' બનાવી બબ્બે હોડીઓમાં મોતનો સામાન રવાના કરીને ફરી જનારૂં પાકિસ્તાન 'એ તો અમારી હોડી નહોતી' અને 'તમે આંતરી એ હોડીમાં માછીમારો જ હતા' જેવી બેતુકી દલીલો કરે છે તો બીજી તરફ સાંબા સેકટરમાં અંધાધૂંધ ગોળીબાર કરી જમ્મુ સરહદના ગામોની પ્રજા માટે જીવવું હરામ કરી મૂકે છે. પહેલ હંમેશાં પાકિસ્તાન કરતું રહ્યું છે, એ ભારતીય જવાનોને શહીદ કરતું રહે, પ્રજાજનોને ઘાયલ કરે, એમનાં ઢોર-ઢાંખરને મારી નાખે અને એમને ગામ છોડી હિજરત કરવાની ફરજ પાડે છે, બીજી તરફ વળતો જવાબ આપનારા ભારતીય સીમા સુરક્ષા દળ પર સીઝ ફાયરના ઉલ્લંઘનનો આરોપ મઢતું રહે છે. કેંન્દ્ર સરકારે - સવિશેષ ગૃહમંત્રી રાજનાથસિંહ અને સંરક્ષણમંત્રીએ પાકિસ્તાનને ઈંટનો જવાબ પથ્થરથી વાળવા બીએસએફ અને આર્મીને છૂટ આપે છે ત્યારે બે ભારતીય જવાનોને શહીદ કરનાર પાક રેન્જરોને એમના આઠ રેન્જર ગુમાવવા પડે છે. ભારતીય સુરક્ષા ટુકડીઓના ધુંવાધાર ગોળીબારને અટકાવવા પાકિસ્તાનને સફેદ ઝંડો ફરકાવવાની ફરજ પડે છે. પરંતુ આ તો 'મિયાં મુશરેફ'ની સેના. ગબડી પડે તોય ટંગડી ઊંચી રાખે! પાકિસ્તાન આર્મીની અને કુખ્યાત ગુપ્તચર એજન્સી આઈએસઆઈની આ આડોડાઈનો જવાબ શો હોઈ શકે, એ મુદ્દે ભારતીય નેતાગીરી પણ મૂંઝવણ અનુભવી રહી છે. ગૃહમંત્રી રાજનાથસિંહે આ મૂંઝવણ વ્યકત કરતાં સામાન્ય ભારતીય નાગરિકની જ મનોવેદના વાચા આપી છે : આ પાકિસ્તાનને થયું છે શું? એ દર વખતે સીઝફાયરનું ઉલ્લંઘન કરતું રહે છે, પછી માર ખાતું રહે છે. અત્યાર સુધીની દરેક હરકત એને મોંઘી જ પડી છે. બે વાર એ ઊંધે માથે પટકાયું છે. ૧૯૬૫ અને ૧૯૭૧નાં યુદ્ધોમાં એને ભારે ખુવારી અને નામોશી વેઠવી પડી છે તો વળી છેલ્લે કારગીલ યુદ્ધમાં પણ એનો પરાજય જ થયેલો છે. આમ છતાં એની સાન ઠેકાણે આવતી નથી. સરહદી ગામડાંના નાગરિકોનું જીવવું દોહ્યલું બની ગયું છે. કેટલાય નાગરિકોનો ભોગ લેવાઈ ગયો છે. આવી પરિસ્થિતિમાં ભારત હવે પાકિસ્તાનને બોધપાઠ ભણાવવા માગે તો પણ કઈ ભાષામાં, તે પ્રશ્ન છે. કાશ્મીર મુદ્દે પ્રજાને સતત ઉશ્કેરતા રહેતા પાક નેતાઓને આ પરિસ્થિતિ ચાલુ રાખવામાં જ રસ છે.

## સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદીને સાહિત્ય સભાની શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા.૪



ગુજરાતી ચલચિત્રોના બાદશાહ, અભિનય સમ્રાટ પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદીનું આજે મુંબઈ ખાતે દુ:ખદ નિધન થવા પામ્યું હતું. તેમની વિદાયથી સમગ્ર ગુજરાતી અભિનય ક્ષેત્રે જાણે કે શૂન્યાવકાશ સર્જાયો છે. ગાંધીનગર સાહિત્ય સભાના સર્વશ્રી ભરત કવિ, દોલત ભટ્ટ, નટવર હેડાઉ, સુરેશભાઈ ભટ્ટ, મૂળજીભાઈ પરમાર, સંજય થોરાત અને તમામ કારોબારી સમિતિના સભ્યોએ ભારે ઉંડા આઘાતની લાગણી વ્યકત કરતા સદગતના આત્માને અંત:કરણની શ્રધ્ધાંજલિ પાઠવી છે.

# ગાંધીનગરમાં ચેસ ટૂર્નામેન્ટ યોજાઈ

## ઓપન કેટેગરીમાં દિલીપ ઐયા અને અન્ડર-૧૫ કેટેગરીમાં રૂદ્ર પાઠક ચેમ્પિયન બન્યા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશન દ્વારા તાજેતરમાં જુના સચિવાલય કેન્ટિન ખાતે ચેસ ટૂર્નામેન્ટ યોજવામાં આવી હતી. આ ટૂર્નામેન્ટમાં જિલ્લાના ૭૩ ચેસ ખેલાડીઓએ ભાગ લીધો હતો. તેમાંથી ઓપન કેટેગરીમાં ૩૩ અને અન્ડર-૧૫ કેટેગરીમાં ૪૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો.


આ ટૂર્નામેન્ટમાં ખુબ જ રોમાંચક સ્પર્ધા થવા પામી હતી. જેમાં ઓપન કેટેગરીમાં દિલીપ ડી. ઐયાએ ૬માંથી ૫ પોઈન્ટ મેળવી ચેમ્પિયન બન્યા હતા. જ્યારે ધનંજય રાવ બીજા ક્રમે, મુકેશ સોલંકી ત્રીજા ક્રમે, જયેશ સોલંકી ચોથા ક્રમે અને શૈલેષ નાયક પાંચમા ક્રમે વિજયી બન્યા હતા. તમામ વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર અપાયા હતા. જ્યારે ૬ થી ૧૦ ક્રમે રહેનાર ખેલાડીઓને ઈન્ટરનેશનલ ચેસ સેટ આપવામાં આવ્યા હતા.

અન્ડર-૧૫ કેટેગરીની સ્પર્ધામાં રૂદ્ર પાઠક ૫ માંથી ૫ પોઈન્ટ સાથે ચેમ્પિયન બન્યા હતા, જ્યારે પંક્તિ પ્રજાપતિ બીજા ક્રમે અને દિશાંગ ભાવસાર ત્રીજા ક્રમે વિજયી નિવડ્યા હતા. ત્રણે વિજેતાઓને ટ્રોફી જ્યારે ૪ થી ૮ ક્રમે આવનારને નેશનલ ચેસ સેટનો પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા. આ ટૂર્નામેન્ટમાં કુલ ૧૮ સ્પર્ધકોને ઈનામો દ્વારા સન્માનિત કરાયા હતા.

આ ટૂર્નામેન્ટને સફળ બનાવવામાં સુભાષભાઈ દવે તરફથી સંપૂર્ણ આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો. જ્યારે આર્બીટર તરીકે નેશનલ આર્બીટર પંકજભાઈ પંચોલીએ સેવાઓ આપી હતી. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશનના એન.જે. સાતુનિયા, શૈલેષ નાયક, અશ્વિન પટેલ અને સુધીર અડાલજાએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. જ્યારે ખેલાડીઓ અને વાલીઓ તરફથી પણ સુંદર સહકાર પ્રાપ્ત થયો હતો.




## હરિની દ્રષ્ટિ...



ઉતરાયણ સુધી... મોટો વઘાર નહીં કરવાનો... ધુમાડો બહાર જશે તો સ્પે. સીક્યુરીટીવાળા... બહારથી ઠંડા પાણીનો મારો ચલાવી દેશે....!

# ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા સ્કાઉટ ગાઈડ દ્વારા તાલીમ અને વન સંશોધન સંકુલ ગાંધીનગર ખાતે સ્કાઉટ ગાઈડ જિલ્લા રેલીનો સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ અધ્યક્ષસ્થાનેથી સંબોધતાં જણાવ્યું હતું કે, ભારત સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિઓથી બાળકોમાં સેવા, સમર્પણ અને દેશપ્રેમની ભાવના વધુ બળવત્તર બને છે. બાળકોના જીવન ઘડતર માટેના શ્રેષ્ઠ ગુણો અનુસરીને કૌટુંબિક તેમજ સમાજ સેવા સહિતના કાર્યો પ્રત્યે બાળકો આકર્ષાય છે.

સ્કાઉટ ગાઈડના ડિસ્ટ્રીક્ટ ચીફ કમિશનર શ્રી મણીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, સ્કાઉટ ગાઈડ રેલીમાં ૨૦ સ્કાઉટ તથા ૧૪ ગાઈડ ટીમો મળી કુલ ૩૪ શાળાઓમાં ૪૦૦ થી વધુ બાળકોએ ભાગ લઈ રેલીમાં કેમ્પ ફાયર, ગાંઠોની, અવલોકનની તથા છાવણી નિરીક્ષણ જેવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. બાળકોને વન્ય જીવસૃષ્ટિ તથા વનસ્પતિથી માહિતગાર કરવા ટ્રેકિંગ તથા નિદર્શનનું આયોજન વન વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

વન્યજીવ તાલીમ વિભાગ, ગાંધીનગરના મુખ્ય વન સંરક્ષક શ્રી અરૂણભાઈ ચૌધરી, મદદનીશ સંરક્ષક શ્રી હેમંતભાઈ સુથાર, ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલ, જિલ્લાવિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાન સહિત અગ્રણીઓએ પ્રાસંગિક પ્રવચનોમાં ભારત સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિઓને બિરદાવી બાળકોને માર્ગદર્શન આપ્યું હતું.

બે દિવસીય કાર્યક્રમોમાં બાળકો દ્વારા છાવણી નિર્માણ, વન્યજીવ પરિચય, કેમ્પ ફાયર, ધ્વજવંદન, ટ્રેકીંગ, વનભ્રમણ, સફાઈ, નેચર એજ્યુકેશન જેવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.




## છત્રાલમાં નિ:શુલ્ક આર્યુવેદ નિદાન સારવાર કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના છત્રાલ ખાતે તા. ૩ જી જાન્યુઆરી શનિવારે બપોરે ૨ થી સાંજના ૫ વાગ્યા દરમિયાન મફત આર્યુવેદ નિદાન સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પ ભારતીય તબીબી અને હોમિયોપેથી પધ્ધતિની કચેરીના માર્ગદર્શનથી અને ગાંધીનગર જિલ્લા પંચાયતની જિલ્લા આર્યુવેદિક અધિકારીની કચેરી દ્વારા સંચાલિત કલોલના આર્યુવેદિક દવાખાના દ્વારા યોજવામાં આવ્યો હતો.

આ આર્યુવેદિક નિદાન સારવાર કેમ્પમાં નેચરોથેરેપી આધારિત વિવિધ પધ્ધતિઓ દ્વારા દર્દીઓના રોગોનું નિદાન અને સારવાર કરવામાં આવી હતી. આ દર્દીઓને જરુરિયાત પ્રમાણે દવાઓ પણ આ કેમ્પમાં વિના મુલ્યે આપવામાં આવી હતી. આ કેમ્પમાં છત્રાલ અને આસપાસના વિસ્તારના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને વિવિધ તકલીફો-રોગો માટે માર્ગદર્શક સારવાર મેળવી હતી.

# પ્રાથમિક શાળામાં શિક્ષણને ગુણવત્તા યુકત બનાવવા નવા જુના શિક્ષકોનું કોમ્બિનેશન કરવા વિચારણા

ગાંધીનગર, તા.૪

પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ વધુ ગુણવત્તાયુકત બને તે માટે શાળાઓમાં શિક્ષણ આપવા જુના અને નવા શિક્ષકોનું કોમ્બિનેશન કરવાની દિશામાં રાજય સરકારે સક્રિય વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકાર દ્વારા તાજેતરમાં ગુણોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માટે રાજયના સનદી અધિકારીઓને જિલ્લામાં શાળાઓમાં જઈને પ્રાથમિક શાળાઓમાં અપાતા શિક્ષણ અંગેનું મુલ્યાંકન કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

આ ગુણોત્સવ કાર્યક્રમ અંગે તાજેતરમાં યોજાયેલી એક સમીક્ષા બેઠક દરમિયાન અધિકારીઓને ગુણોત્સવ કાર્યક્રમ દરમિયાન તેમને થયેલા અનુભવો અને સૂચનો કરવા સરકારે મત વ્યકત કરતાં અધિકારીઓ દ્વારા શાળાઓમાં જુના અને નવા શિક્ષકોનું કોમ્બિનેશન હોય તો શૈક્ષણિક કાર્ય વધુ ગુણવત્તાયુકત બને તેમજ આદિજાતિ વિસ્તારોમાં પણ સ્થાનિક અને નોન ટ્રાયબલ શિક્ષકોનું કોમ્બીનેશન હોય તો વધુ યોગ્ય રહે એવું સૂચન વ્યકત કરવામાં આવ્યું હતું.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ શાળાઓમાં માળખાગત સવલતો પ્રાથમિક શિક્ષણમાં ગામના લોકોનો ઉત્સાહ પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા વિગેરે વિવિધ વિષયો પર મંતવ્યો અધિકારીઓ દ્વારા આ બેઠકમાં વ્યકત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ આપતાં પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપવાની જરુરીયાત ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. આ તબક્કે રાજયના મુખ્ય સચિવે લોકોમાં પ્રાથમિક શાળા એક જાહેર સ્થળ નહી પરંતુ એક વિદ્યાના ધામ તરીકે સ્વીકૃતિ પામે તે દિશામાં પ્રયત્ન કરવા માટે શિક્ષણ વિભાગને સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# જેમ આપણે ત્યાં સ્ત્રીઓને માટે મફત કાનુની સલાહ અને સહાયની કાયદાકીય જોગવાઈ છે તેવી જ રીતે વિશ્વભરમાં મોટા ભાગના દેશમાં સ્ત્રીઓને કોર્ટ મારફત પણ વકીલની સહાય એટલે કે કાનુની માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે

## મહિલા સમાજ અને કાયદા

- ડૉ. ભાવના કે. જોશીપુરા

આપણે ગત અંકમાં અનિતા અને અનિલની ચર્ચા કરી રહ્યા હતા અને પરદેશમાં દીકરીને પ્રશ્ન ઊભો થાય તો કેવી કેવી પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તે બાબતે આપણે વિગતે વાત કરી. અમેરિકા સંદર્ભે અનિતાના કેસની વાત વાંચીને કેટલાક વાચકોએ અમેરિકામાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ વિશે જાણકારી મેળવવા ઈચ્છા પ્રદર્શિત કરી છે.

સૌપ્રથમ તો વિદેશમાં કેટલીક ભારતીય એલચી કચેરીઓના નામ, સરનામા જાણવા જરૂરી છે. સૌપ્રથમ યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકાના અલગ અલગ રાજયોના એલચી કચેરી સંદર્ભે જોઈએ તો,

**યુનાઇડેટ સ્ટેટ ઓફ અમેરિકા**
શ્રી આરથી ક્રિષ્ના
એમબેસી ઓફ ઈન્ડિયા
૨૧૦૭, માસ અવેન્યુ એનડબલ્યુ,
વોશિંગ્ટન ડીસી-૨૦૦૦૮
ટેલિફોન નંબર - ૨૦૨-૯૩૯-૭૭૭૦
ફેકસ : ૨૦૨-૨૩૨૭૪૫૫
ઈમેલ : arkrishna@indiagov.org
વેબ : www.indianembassy.org

**શ્રી જગદીશ રાય**
કોન્સલ (કોમ્યુનિટિ બાબતો)
કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયા
૪૫૫, એન સીટીફ્રન્ટ પ્લાઝા ડ્રાઈવ,
શિકાગો,
ઈલીનોઈસ-૬૦૬૧૧
ટેલિફોન નંબર : ૩૧૨-૫૯૫-૦૪૧૪
ઈમેલ : cci@indianconsulate.com

**અમેરિકાની સ્વૈચ્છિક સંસ્થાઓ :**

**ઈલીનોઈસ**

**અપનાઘર**
શિકાગો, ઈલીનોઈસ
http:/apnaghar.org/
૧.૮૦૦.૭૧૩.૦૭૫૩, ૭૭૩.૩૩૪.૪૬૬૩
ઈમેઈલ : info@apnaghar.rog

**સહેલી**
ઓસ્ટીન, ટેકસાસ
http:/www.saheli-austin.org/
૫૧૨.૭૦૩.૮૭૪૫
ઈમેઈલ : saheli@usa.net

**મેરિલેન્ડ**
આશા-એશીયન મુવમન્ટ સેલ્ફ એસોસીએશન
વોશિગ્ટન ડી.સી.વીર્જિનીયા એન્ડ બાલ્ટીમોર,
મેરીલેન્ડ
http:/www.ashaforwomen.org/
૧.૮૮૮.૪૧૭.૨૭૪૨
૨૦૧.૨૦૭.૧૨૪૮
ઈમેઈલ : Asha@ashaforwoman.org

**ન્યુજર્સી, માનવી**
http:/manavi.org/
૭૩૨.૪૩૫.૧૪૧૪
ઈમેઈલ : mailo.manavi@worldnet.att.net

**ટેકસાસ**
એએડીએ-એશિયન અગેઈન્સ્ટ ડોમેસ્ટીક અબ્યુસ
હયુસ્ટન, ટેકસાર
http: / www.aadainc.org/
૭૧૩.૩૩૯.૮૩૦૦
ઈમેઈલ :info@aadainc.org

**દયા**
હયુસ્ટન, ડલાલ એન્ડ સાન ઓન્ટેનીયો ટેકસાસ,
http:/www.dayahouston.org/
૭૧૩.૧૩૩૩
ઈમેઈલ : info@dayahouston.org

**મિનિગન**
એમએઆઈએફએસ-મિશિગન અશિયન
ઈન્ડિયન ફેમિલી સર્વિસ
ડેટ્રોઈટ, મિહિગન,
http:/www.maifs.org/
૧.૮૮૮.૬૬૪.૮૪૨૪
૨૪૮.૪૭૭.૪૯૮૫
ઈમેઈલ :info@maif.org

**ન્યુયોર્ક-એડબલ્યુએઈ**
રોકલેન્ડ કાઉન્ટી, ન્યુયોર્ક,
૮૪૫.૩૬૮.૨૧૧

**સખીફોર સાઉથ એશિયન વિમેન, ન્યુયોર્ક**
http:/www.sakhi.org/
૨૧૨.૮૬૮.૬૭૪૧
(૧.૮૬૬.૫૪૭.૨૬૪૬)
૨૧૨.૯૧૪.૯૧૫૩
ઈમેઈલ : contectus@sakhi.org

**સાઉથએશિયનએન્ટી-ડોમેસ્ટીક વાયલેન્સ ઓર્ગેનીઝશનઈ ધ યુ.એસ.કેલિફોર્નિયા, આશરા**
ફ્રીમોન્ટ, કેલિફોર્નીયા,
૧.૮૦૦.૩૧૩.એએસઆરએ
૫૧૦.૬૫૭.૧૨૪૫
ઈમેઈલ : asraal@aol.com
મેત્રી સાન જોઝ, કેલિફોર્નીયા
http:/www.matri.org/
૧.૮૦૦.૮ મેત્રી
૪૦૮.૪૩૬.૮૩૯૩
ઈમેઈલ : maitri@maitri.org

**નોર્થ કોરિયા, કિરણ**
http:/www.kiraninc.org/
૧.૮૬૬ કિરણ, આઈએનસી
૯૧૯.૮૫૬.૪૦૦૬
ઈમેઈલ :kiraninc@hotmail.com

**નારીકા**
**નોર્થન કેલિફોર્નીયા**
http:/www.narika.org/
૧.૮૦૦.૨૧૫.૭૩૦૮
૫૧૦.૫૪૦.૦૭૫૪
ઈમેઈલ : nariaka@nariaka.org

આ સંસ્થાઓ અંગે માહિતી આપવાનો હેતુ આપણી દિકરીઓ તાત્કાલિક રીતે આ સંસ્થાઓનો સહારો લઈને જે તે દેશમાં જ પોતાની લગ્ન વિષયક તકરાર અંગે કાર્યવાહી કરવા સક્ષમ બને તે છે. આ સંસ્થાઓ મારફત આશ્રય પુરો પાડવા સાથે કાયદાકીય બાબતો અંગે પણ સાચુ અને યોગ્ય માર્ગદર્શન મળી શકે છે. જેમ આપણે ત્યાં સ્ત્રીઓને માટે મફત કાનુની સલાહ અને સહાયની કાયદાકીય જોગવાઈ છે તેવી જ રીતે વિશ્વભરમાં મોટા ભાગના દેશમાં સ્ત્રીઓને કોર્ટ મારફત પણ વકીલની સહાય એટલે કે કાનુની માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે. આવી માહિતીને આધારે જ અનેક દિકરીઓએ પરદેશથી પરત આવી જવાને બદલે જે તે દેશમાં જ રહીને પોતાની લગ્નવિષયક તકરારનો ઉકેલ લાવવા સક્ષમ બને છે. તેના અનેક ઉદાહરણો જોયા છે.

આ લખાય રહ્યું છે ત્યારે એક દિકરી ઓસ્ટ્રેલીયાથી પોતાના પતિ સાથે ભારત આવી છે. પરંતુ ભારતમાં આવ્યા પછી પતિ અને પત્નિ વચ્ચે લગ્ન સંબંધ સંદર્ભે થોડી તકરાર ઉભી થાય છે. ઘરના વડીલોના મંતવ્ય એ જુદા પ્રકારના હોય છે અને આ બધી બાબત વચ્ચે સીમા વચ્ચે સીમા પહેરેલ કપડે સાસરેથી નિકળીને રાજકોટ આવે છે.

રાજકોટમાં સીમા આવીને અમોને મળી ત્યારે વારંવાર એવો સવાલ કરે છે કે મારી ઓસ્ટ્રેલીયાથી લાવેલી બધી જ ચીજવસ્તુઓ મારે સાસરે પડી છે. અને પતિ અને સાસુ કોઈ જવાબ દેતા નથી. સીમા ખૂબ જ ટેન્શનમાં છે. સીમાની સમક્ષ અનેક સવાલો છે ઉભા થાય છે. સીમાનું પોતાનું વસાવેલું ઘર પણ ઓસ્ટ્રેલીયામાં છે. પોતાના કામના આધારે જે મિલકતો કમાયા હોઈએ તે કોઈ રાતોરાત છીનવી લે તો તેવી સ્થિતિમાં સીમાએ શું કરવું?

સીમા સતત ઓસ્ટ્રેલીયાના કાયદા અંગે મને પુછી રહી છે. સીમાનો કેસ શું હતો? સીમાને કેવી સહાયની ભારતમાં આવશ્યક હતી? સીમાનો પતિ તેણીને મુકીને એકલો તો નહી જતો રહે ને? સીમાની મિલકતની, લગ્ન સંદર્ભેના પ્રશ્નો, ઉભી થયેલી તકરાર અને તેના નિરાકરણ માટે મળીએ આવતા અંકે...

# ગુરૂકુળના તમામ વિદ્યાર્થી આજથી માઘ સ્નાન કરશે

અમદાવાદ મેમનગર ગુરુકુલ અને છારેડી ગુરુકુલ વિદ્યાર્થીઓએ આવતીકાલથી એક મહીના સુધિ માઘ સ્નાન કરશે. આ સ્નાન ૫ જાન્યુઆરીથી એક મહિના સુધી કરવામાં આવે છે જેનું મહત્વ આદિકાળથી છે. ભારતની મહાન તીર્થ ગંગાજી, યમુનાજી વગેરે નદીઓમાં આ માસ દરમ્યાન રોજ સવારે વહેલા ઉઠી સ્નાન કરી, ભીને કરડે ઘેર આવી પૂજા-પાઠ કરવાની વિધિ છે પણ નદિ કે તળાવ ન હોય તો કુંભારને ત્યાંથી કોરા માટલા લાવી તેમાં સાજે પાણી ભરી વહેલી સવારે તે પાણીથી સ્નાન કરવામાં આવે તેને પણ માઘ સ્નાન કહેવામાં આવે છે ત્યારે મેમનગર ગુરુકુલ અને છારોડી ગુરુકુલના વિદ્યાર્થીઓએ દર વર્ષે માઘ સ્નાન કરી ધન્યતા અનુભવે છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુરુકુલ સંતો વિદ્યાર્થીઓમાં માઘસ્થાનનું ખુબ મહત્વ છે કારણ કે આ સ્નાન કરવાથી સાહસિકતા, ખડતલપણું અને ધાર્મિકતાના ગુણો ખીલી ઉઠે છે. પુરાણ તેમજ શાસ્ત્રો અનુસાર પોષ મહિનાથી પુનમ મહા મહિનાથી પુનમ સુધી મહા મહિનામાં નર્મદા, ગંગા, યંમુના, સરસ્વતી, કાવેરી સહિત અન્ય જીવનદાયી આ પવિત્ર નદીઓમાં સ્નાન કરવાથી મનુષ્યને પાપોથી છુટકારો મળી જાય છે અને સ્વર્ગલોકારોહણનો માર્ગ ખુલી જાય છે. ત્યાં પદ્મપુરાણમાં કહેવાયું છે કે અન્ય મહિનાઓમાં જપ, તપ, અને દાનથી ભગવાન વિષ્ણુ એટલા પ્રસન્ન નથી થતાં જેટલા મહા મહિના માસમાં સ્નાન કરવાથી થાય છે.

## ધૂમ-મચાવો

મચાવી હો તો ધૂમ મચાવો, લેકીન બેટી બચાવો
ચાહે ઉસે સોને સે ન સજાઓ, લેકીન બેટી બચાવો
ચાહે ઉસે નાચ નચાવો, લેકીન બેટી બચાવો
બેટે જિતના લાડ ન લડાઓ, લેકીન બેટી બચાવો
ચાહે ઉસકી માંગ ફગાવો, લેકીન બેટી બચાવો
ચાહે ઉસે કમ પઢાઓ, લેકીન બેટી બચાવો
શાદી મેં શરણાઈ ન બજાઓ, લેકીન બેટી બચાવો
ચાહે ઉસે ચાચ પિલાઓ, લેકીન બેટી બચાવો
ચોરી છુપકે ગાના ગાઓ, લેકીન બેટી બચાવો
ચાહે ઉસે પાયલ ન પહનાઓ, લેકીન બેટી બચાવો
બેટો કો ચાહે વારિશ બનાઓ, લેકીન બેટી બચાવો
બેટી કા બર્થ ડે મત મનાઓ, લેકીન બેટી બચાવો
જીવન અપના સુંદર સજાઓ, લેકીન બેટી બચાવો
બાગ મેં અપને ફુલ ખિલાઓ, ઓર બેટી બચાવો
ઘરમેં અપને જયોતિ જલાઓ, ઓર બેટી બચાવો
લોગો કો સચ્ચી રાહ દિખાઓ, ઓર બેટી બચાવો
ઘર મેં અપને લક્ષ્મી લાઓ, ઓર બેટી બચાવો
દિલમેં અપને પ્યાર જગાઓ, ઓર બેટી બચાવો
ગરવી ગુજરાત કા ગૌરવ બઢાઓ, ઓર બેટી બચાવો
ગુલાબચંદ કા ગમ મિટાઓ, ઓર બેટી બચાવો

-ગુલાબચંદ એન